અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/2210-41
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.24/02/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય :- શૈક્ષણિક વર્ષ-2020-21 માં ધોરણ-9 થી 12ની શાળાકીય પરીક્ષા લેવા બાબત.
સંદર્ભ :- 1) અત્રેનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2020/3584-3625, તા.19/11/2020.
2) અત્રેની સીંગલ ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે કોવિડ-19 ની પરિસ્થિતિમાં શૈક્ષણિક વર્ષ-2020/21 માં શાળાઓમાં જૂન-2020 થી પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય શરૂ થઇ શકેલ ન હતું. 'હોમલર્નિંગ' અંતર્ગત વિદ્યાર્થીઓનો અભ્યાસ ચાલુ રાખવામાં આવેલ હતો. સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ નિર્ણય મુજબ તા.11/01/2021 થી ધોરણ-10 અને 12 માટે તેમજ ધોરણ-9 અને 11 માટે તા.01/02/2021 થી શાળાઓમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય શરૂ કરવામાં આવેલ છે.

સામાન્ય રીતે દર વર્ષે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં 'શૈક્ષણિક પ્રવૃત્તિ કેલેન્ડર' તૈયાર કરીને શાળાઓને મોકલી આપવામાં આવે છે. જેમાં વિવિધ પરીક્ષાઓની વિગતો દર્શાવવામાં આવે છે. કોવિડ-19 ની પરિસ્થિતિને કારણે આ વર્ષે 'શૈક્ષણિક પ્રવૃત્તિ કેલેન્ડર' તૈયાર થઇ શકેલ નથી. ઉક્ત બાબતે અત્રેની સીંગલ ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે શૈક્ષણિક વર્ષ-2020/21 માં ધોરણ-9 થી 12 ની પ્રથમ પરીક્ષા તેમજ ધોરણ-9 અને 11 ની વાર્ષિક પરીક્ષાનું આયોજન શાળાકક્ષાએ નીચે મુજબની વિગતે કરવાનું રહેશે.

| | |
|---|---|
| પ્રથમ પરીક્ષા : ધોરણ-9 થી 12 | તા.19/03/2021 થી તા.27/03/2021 |
| વાર્ષિક પરીક્ષા : ધોરણ-9 અને 11 | તા.07/06/2021 થી તા.15/06/2021 |

કોવિડ-19 ની પરિસ્થિતિમાં શૈક્ષણિક વર્ષ 2020-21 માટે ધોરણ-9 થી ધોરણ-12 ની શાળાકીય પરીક્ષાના પ્રશ્નપત્રો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલ પરિરૂપ અને ગુણભાર મુજબ તૈયાર કરવા અંગેની કાર્યવાહી શાળા કક્ષાએ કરવાની થાય છે. જેથી ઉપરોક્ત ટેબલમાં દર્શાવેલ આયોજન મુજબ ધોરણ-9 થી ધોરણ-12 ની પ્રથમ પરીક્ષા માટે જે તે શાળામાં જેટલો અભ્યાસક્રમ ચાલ્યો હોય તે મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલ વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્ર પરિરૂપના આધારે તેમજ શાળાકક્ષાએ ચાલેલા તમામ પ્રકરણોને યોગ્ય ન્યાય મળે તે મુજબ પ્રકરણદીઠ ગુણભાર નક્કી કરીને શાળા કક્ષાએ પ્રશ્નપત્રો તૈયાર કરવાના રહેશે. ધોરણ-9 અને ધોરણ-11 ની વાર્ષિક પરીક્ષા માટે બોર્ડ દ્વારા જાહેર કરેલ 70% અભ્યાસક્રમ તેમજ વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્ર પરિરૂપ અને પ્રકરણદીઠ ગુણભારની વિગતો મુજબ પ્રશ્નપત્રો શાળા કક્ષાએ તૈયાર કરવાના રહેશે. આ



Scanned by CamScanner

ઉપરાંત, સામાન્ય પરિસ્થિતિમાં આંતરિક મૂલ્યાંકનના 20 ગુણમાં પ્રથમ તેમજ બીજી પરીક્ષામાં વિદ્યાર્થીઓના ગુણ ધ્યાને લેવામાં આવે છે. જેને સ્થાને હાલની કોવિડ-19 ની પરિસ્થિતિમાં ફક્ત શૈક્ષણિક વર્ષ 2020-21 માટે આંતરિક મૂલ્યાંકનમાં માત્ર પ્રથમ પરીક્ષાના ગુણ ધ્યાને લેવાના રહેશે.

ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂ મોકલી આપશો.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

ક્રમાંક:/માવિ.૬/૨૦૨૧/૧૧૧૩૩
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા, પાલનપુર
તારીખ:૨૧/૦૨/૨૦૨૧

૨/- નકલ રવાના જાણ વ અમલ સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ(સરકારી/ગ્રાંન્ટેડ/નોન – ગ્રાંન્ટેડ), તમામ,
જિ.બનાસકાંઠા.

Scanned by CamScanner